Monthly News Letter Of CRC Saroda from Jigar Patel


Feb 2014

09

# Right CHoise

## Inside This Issue


1. Editorial
2. Republic Day.
3. Meetings
4. Chatrapati Shivaji
5. Tech-Knowledge

**Sharing Ideas and practices for enriching human beings through excellence in Primary Education**

*We warmly Welcomes*

***Kalupur Primary School***

*To Our Group….*

Coming together is a Beginning;

Keeping together is Progress;


Working together is Success.

Right Choise™ PUBLICATION

Sharing Ideas for Excellence in Primary Education

http://rightchoise.blogspot.in/


# MESSAGE FROM THE EDITORIAL




I REALLY BELIEVE THAT EVERYONE HAS A
TALENT, ABILITY, OR SKILL
THAT HE CAN MINE
TO SUPPORT HIMSELF AND TO SUCCEED IN LIFE.

‘જ્યારે મારું ધ્યાન પક્ષીની આંખ ઉપર હતું, ત્યારે હું નિશાન પાર પાડી શક્યો.પણ... જયારે મારું ધ્યાન ઝાડના પાંદડા ઉપર હતું, ત્યારે મને પક્ષી જ ન દેખાયું ! જયારે મારું ધ્યાન, અવરોધો દુર કરવામાં હોય છે, ત્યારે, મારી તમામ શક્તિઓ માત્ર અવરોધ તરફ જ ખેંચાય છે. એટલું જ નહિ, શક્તિની સીમા પણ અવરોધ જેટલી જ થઈ જાય છે.  પણ જયારે મારું ધ્યાન ઝળહળતા લક્ષ્ય તરફ હોય છે ત્યારે હું શક્તિપૂર્વક, વેગપૂર્વક આગળ વધુ છું. જેમ સરિતા સાગરને મળવા દોડે... એને પહાડો રોકી શકતા નથી.....પત્થરો પણ રોકી શકતા નથી... કેમ કે મારી પાસેની શક્તિ એ અવરોધો કરતાંય કેટલીય વધારે હોય છે......

હકીકતમાં આપણી શક્તિઓ અસીમ છે, પણ એની સીમા આપણે જ નક્કી કરીએ છીએ. આ સીમા બે રીતે નક્કી થઈ શકે- કાં તો ધ્યેયને નજર સમક્ષ રાખીએ અથવા અવરોધને નજર સમક્ષ રાખીએ. અવરોધ સામે બાથ ભીડવા ઓછી શક્તિ જોઈએ, પણ ધ્યેય પ્રાપ્ત કરવા વધુ શક્તિ જોઈએ. જયારે આપણું ધ્યાન ધ્યેય તરફ જ હોય ત્યારે આપણામાં એટલી શક્તિ ઉભરાય છે કે અવરોધણે આપણે આસાનીથી ઓળંગી જઈએ છીએ. પણ જો આપણું ધ્યાન અવરોધ તરફ હોય તો એના જેટલી જ શક્તિ ઉભરાય અને આપણી યાત્રા સંઘર્ષમાં પરિણામે અથવા રોકાઈ જશે..



-Jigar Patel
(CRC Co-ordinator)

# CRC Saroda Celebrated India's 64th Republic Day



'ક્લસ્ટરની શાળાઓમાં તારીખ ૨૬ જાન્યુઆરી, ૨૦૧૪ ના રોજ ૬૪ માં ગણતંત્ર દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ, શિક્ષકમિત્રો તથા ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ધ્વજ વંદનની સાથે સાથે શાળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજેલ હતા.

પ્રાથમિક શાળા ફેલસાણીમાં ઉજવેલ ૨૬ જાન્યુઆરીની જીવંત તસ્વીર........









Photo Courtesy : Jayendrabhai

# છત્રપતિ શિવાજી



'છત્રપતિ શિવાજી રાજે ભોંસલે પશ્ચિમ ભારતમાં મરાઠા રાજ્યના સ્થાપક હતા. ઈ.સ. ૧૬૭૪ દરમિયાન ભારતમાં મોગલ સામ્રાજ્ય હતું. પર્વતીય પ્રદેશમાં ઉપયોગી તેવી ગોરિલા એટલે કે છાપામાર પદ્ધતિનો ખૂબ ચતુરાઈથી ઉપયોગ કરીને શિવાજીએ મોગલ પાસેથી મરાઠા પ્રદેશ જીતી લીધો હતો. ભારતમાં અને ખાસ તો મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તેમની એક વીરપુરુષ તરીકે ગણના થાય છે અને ઘણી દંતકથા અને લોકકથા પણ તેમના માટે પ્રચલિત છે. શિવાજીના જન્મ સમય માટે ઘણા વાદવિવાદ છે. ૧૬ ફેબ્રુઆરી કે ૬ એપ્રિલ કે ૧૦ એપ્રિલ તેમનો જન્મદિવસ મનાય છે. પુનેથી ૬૦ કિ.મી. અને મુંબઈથી ૧૦૦ કિ.મી. દુર શિવનેરી કિલ્લામાં તેમનો જન્મ થયો હતો.

શિવાઈ માતાજીની જીજાબાઈએ પુત્ર માટે માનતા રાખી હોવાથી તેમના પુત્રનુ નામ 'શિવા' રાખ્યુ હતુ. જીજાબાઈને બીજા પુત્રો હતા પરંતુ, એક બીજા મોટા પુત્ર સિવાય કોઈ જીવ્યુ ન હતુ. શહાજીએ નાના શિવાજીને તેની માતા જીજાબાઈ પાસે પૂણેની વિરાસત સાચવવા રાખ્યા હતા.

મંત્રીઓની નાની મંડળી શિવાજીને સંચાલનમાં મદદ કરવા રોકી હતી. આ મંડળીમાં હતા - પેશ્વા તરીકે શામરાવ નીલકંઠ, મુઝુમદાર તરીકે બાલક્રિશ્ન પંત, સબનીસ તરીકે રઘુનાથ બલ્લાલ અને દાબીર તરીકે સોનોપંત. લશ્કરી યોદ્ધા કન્હોજી પંત અને બાજી પસાલકરને શિવાજીની તાલીમ માટે રોકેલા. દાદાજી કોંડાદેવ બધીજ તાલીમની દેખરેખ રાખતા. આવી પરિસ્થિતિમાં શિવાજીએ રોહીડેશ્વરના મંદિરમાં ૧૬૪૪માં સ્વરાજ્યની પ્રતિજ્ઞા લીધેલી. શહાજીએ પુનામાં લાલ મહેલ બંધાવી આપ્યો હતો. રાજચિહ્ન પણ બનાવીને શિવાજીને આપવામાં આવ્યું હતુ; જેમાં સંસ્કૃતમાં લખ્યુ હતુ કે "આ શહાજીના પુત્ર શિવાજીનું રાજચિહ્ન છે. તે લોકકલ્યાણ માટે છે. તે બીજના ચંદ્રની માફક વધશે." આવી રીતે શિવાજીની કારકિર્દીની શરૂઆત થઈ. શહાજીના મૃત્યુ પછી શિવાજીએ રાજાનું બિરુદ વાપરવાનું ચાલુ કર્યુ.

દક્ષિણમાં દિગ્વિજય ઈ.સ. ૧૬૭૭-૭૮ માં શિવાજીનું ધ્યાન કર્ણાટક તરફ ગયુ. મુંબઈના દક્ષિણમાં કોંકણ, તુડભદ્રા નદી ના પશ્ચિમમાં બેલગામ તથા ધારવાડનો વિસ્તાર, મૈસૂર, વૈલારી, ત્રિચુર તથા જિંજી પર કબજો મેળવ્યા બાદ ૪ એપ્રિલ, ૧૬૮૦ માં શિવાજી નુ દેહાંત થયું.

'મિત્રો હાલમાં આપને આપની પેનડ્રાઈવ્સ અને મેમરી કાર્ડસની અંદર શોર્ટકટસ બનેલો જોવા મળે છે જે આપણા અગત્યના ડેટાને સંતાડી દે છે.

આ શું છે.?

આ સમસ્યાનો ઉકેલ છે?

=>મિત્રો આ પ્રશ્ન વાંચતાની સાથે જ મગજમાં કમ્પ્યુટર વાઈરસની કલ્પના આવી જશે. તો આ વાઈરસ એ શું છે એ સમજીએ. વાઈરસ એ આપને જેવું વિચારીએ એવો ભયંકર નથી. તે માત્ર કમ્પ્યુટરની ભાષા કે જેને કોડીંગ કહે છે તેના જાણકારે બનાવેલ એક પ્રકારનો પ્રોગ્રામ છે. જે આપણા કમ્પ્યુટરમાં ઈન્ટરનેટ,પેન-ડ્રાઈવ્સ કે સી.ડી જેવા માધ્યમ દ્વારા આવે છે.મુખ્યત્વે આ પ્રોગ્રામિંગ ઓપરેટીંગ સિસ્ટમને અમુક પ્રકારના કાર્ય કરવા માટે પ્રેરે છે. અને કમ્પ્યુટરની ઝડપમાં ઘટાડો થાય છે. વાઈરસ જુદા-જુદા પ્રકારના હોય છે. કેટલાક માહિતી ચોરવા માટે પણ વપરાય છે.

મિત્રો મુખ્ય વાત ઉપર આવતા આપને જણાવવાનું કે આ શોર્ટકટ બનાવનાર વાઈરસનું કોડીંગ એવું કરવામાં આવ્યું છે કે જયારે કમ્પ્યુટરની સાથે બહારથી કોઈ પણ ડિસ્ક જોડવામાં આવે તો આ પ્રોગ્રામ સીધો પેન-ડ્રાઈવ કે ડિસ્કમાં કોપી થશે.ત્યારબાદ એમાં જેટલાં પણ ફાઈલ્સ કે ફોલ્ડર્સને સંતાડી દો અને ત્યારબાદ તમામની .lnk શોર્ટકટ્સ બનાવી દો.

પરંતુ જો આપણે મુખ્ય ફાઈલ જ કમ્પ્યુટરમાંથી કાઢી નાંખીએ તો??

PROBLEM SOLVE.. આ કેવી રીતે કરવું તે વિસ્તૃતમાંજાણવા માટે આપ અમારા બ્લોગની મુલાકાત લઈ શકો છો.

-hp(Right_Choise Technical Head)

## લીમડો

'લીમડાને આયુર્વેદમાં એક ખૂબ જ ઉપયોગી વનસ્પતિ માનવામાં આવી છે. લીમડાનો ઉપયોગ અનેક રોગોમાં ચમત્કારી અસર બતાવે છે. આના પ્રયોગથી અનેક અસાધ્ય બીમારીઓ સારી કરી શકાય છે. તેના ઔષધીય ગુણોને લીધે જ સંયુક્ત રાષ્ટ્ર સંઘે તેને 21મી શતાબ્દીનું વૃક્ષ ઘોષિત કરવામાં આવ્યું છે.

આદિવાસી વિસ્તારોમાં લીમાડાને એક મહત્વપૂર્ણ ઔષધીય વૃક્ષની રીતે જોવામાં આવે છે. ચરક સંહિતા અને સુશ્રૃત સંહિતા જેવા પ્રાચીન ચિકિત્સા ગ્રંથોમાં પણ તેનો ઉલ્લેખ મળે છે. તે ગ્રામી ઔષધાલાયનું નામ આપવામાં આવ્યું છે. આ ઝાડની ખાસિયત છે કે તેની ઉપર કોઈ કિડા-મકોડા નથી લાગતા. એટલા માટે લીમાડાને આઝાદ ઝાડ કહેવામાં આવ્યું છે. -લીમડાના તેલથી માલિશ કરવાથી ચામડીનો રોગ ઠીક થઈ જાય છે. લીમડાનો લેપ પણ બધા પ્રકારના ચામડીના રોગોના નિવારણમાં સહાયક છે.

-લીમડાનું દાતણ કરવાથી દાંત અને મસુડો મજબૂત થાય છે અને દાંતમાં કિટાણુ નથી થતા. મુખમાંથી દુર્ગંધ આવવાનું બંધ થઈ જાય છે.

લીમડાના રસમાં સીંધુ નમક મેળવીને મંજન કરવાથી પાયોરિયા, દાંત-દાંઢનું દર્દ વગેરે દૂર થઈ જાય છે.

-લીમડાના કુપળોને પાણીમાં ઉકાળીને કોગળા કરવાથી દાંતનું દર્દ દૂર થઈ જાય છે.

## શક્તિ....

અત્યાર સુધી તો....
મને એમ હતું કે
-શક્તિ તો પૈસામાં છે.
-શક્તિ તો ડીગ્રીમાં છે,
-શક્તિ તો બહાર ક્યાંક છે.
પણ, જ્યારે મેં મારી પોતાની અંદર જોયું,
જ્યરે મેં મારી પોતાની તરફ જોયું,
તો મને સમજાયું કે....
શક્તિઓ બધી તો મારી અંદર જ છે.
જ્યારે હું મારી શક્તિઓને ઓળખું,વિકસવું
અને
અભિવ્યક્ત કરું ત્યારે જ સારો વ્યક્તિ બની શકું.
મારી શક્તિઓ એટલે...
-મારો આત્મવિશ્વાસ,
-મારી વિચારવાની ક્ષમતા,
-મને થતી ઈચ્છાઓ,
-મારી ચાલવાની, દોડવાની,
હસવાની ક્ષમતા
મારી આ શક્તિઓ થાકી, હું
ધારું તે સર્જી શકું.
અને "હુ ધારી શકું", તે છે
મારી સૌથી મોટી શક્તિ.
-આંબીએ ઊંચે આકાશને...

# UPCOMING EVENTS

4TH FEBRUARY
CANCER AWARNESS DAY
16TH FEBRUARY
CHATRAPATI SHIVAJI JYANTI
28TH FEBRUARY
SCIENCE DAY

# THE EDITORIAL TEAM

ALL 14 SCHOOLS UNDER
CLUSTER RESOURCE CENTER SARODA

CRC Saroda
+91-9979146176
Crc.khd.balasinor.saroda@gmail.com

An initiative of સર્વ શિક્ષા અભિયાન, ગુજરાત રાજ્ય.

The articles in this magazine are neither created nor reviewed by us. Right_Choise will not be responsible for any kind of misuse of information given here.

Volume:02 | Issue: 09
Pub ID : RC9FEB14
Right_Choise Web Services
Balasinor Di: Kheda (Guj.)
Pin: 388255

Right_Choise™ PUBLICATION
Sharing Ideas for Excellence in Primary Educatio

For Technical and Publication related query contact on: +91-9408724077
Or write us at
info.rightchoise@gmail.com

Published Under Right_Choise Publication By Jigar Patel. Next Issue :4th March 2014
© 2014 (For Internal Circulation Only)